### શ્રી જલીયાણ સેવા ગૃપ દ્વારા

# ૨૫૦ મોટી પાણીની કુંડીનું વિનામૂલ્યે વિતરણ



ગાંધીનગર, તા.૨૭

અબોલ પશુ-પક્ષીઓને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવાના પાણીની સુવિધા મળી રહે તેવા ઉમદા હેતુથી જે પરિવાર પોતાના આંગણે કુંડી રાખીને પાણી ભરવાની જવાબદારી લેવા તૈયાર હોય તેઓને શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા ગત ગુરુવારના રોજ પાણી ભરવા માટેની ૧૦૦ મોટી કુંડીનું વિતરણ શ્રી જલારામ મંદિરના આંગણે કરવામાં આવેલ.

આ સેવા કાર્યને જીવદયાપ્રેમીઓ તરફથી બહોળો પ્રતિસાદ મળતા ઘણા સેવાભાવી લોકો કુંડી મેળવવાથી વંચિત રહેલ. તેઓ આ સેવાયજ્ઞમાં સહભાગી બની શકે તેથી જલિયાણ સેવા ગૃપ દ્વારા ફરી એકવાર ગુરૂવારના રોજ વહેલા તે પહેલાનાં ધોરણે બીજી ૧૫૦ મોટી પાણીની કુંડીનું વિતરણ શ્રી જલારામ ધામ ખાતે કરવામાં આવેલ. જેને ખૂબજ આવકાર મળેલ. આ સેવાયજ્ઞમાં કુલ ૨૫૦ મોટી કુંડીઓનું વિતરણ કરાયું હતું. આ સેવાયજ્ઞમાં જે પરિવાર પાણીની કુંડી લઈ ગયેલ તેમણે તે જ કુંડીમાં અબોલ પશુઓના પાણી પીતા ફોટા સંસ્થાને મોકલતાં શ્રી જલીયાણ સેવા ગ્રુપના નિલેષ પુજારા, પાર્થ ઠક્કર, ઉષાંગ પારેખ, સંજય ખખ્ખર, અમીત હાલાણી, ધવલ દત્તાણી, સંજય સંઘાણી, જીગ્નેશ હાલાણી વગેરેએ આ જીવદયાના સેવાકાર્યને સફળ બનાવવા કરેલી જહેમત સાર્થક નીવડી હતી. શ્રી જલારામ સેવા સમાજના પ્રમુખ સેવંતીલાલ ઠક્કર, મંત્રી અશોકભાઈ પોપટ, કોષાધ્યક્ષ કિરીટભાઈ એચ. ઠક્કર, પત્રકાર કિશોરભાઈ અંજારીયાએ વિશેષ ઉપસ્થિત રહી આ સેવા કાર્યને બિરદાવ્યું હતું તેમજ કુંડી વિતરણ વ્યવસ્થામાં વિનોદ ઉદેચા, મહેન્દ્રભાઈ ઠક્કર, કુશ ઉદેચા, હર્ષ ઉદેચા, મિથિલેષ ઠક્કર, સ્મિત ઠક્કર, યુગ પારેખ સહિત અનેક કાર્યકરો જોડાયા હતા. કુંડીને સ્થળ ઉપર પહોંચાડવા શ્રી સ્વામિનારાયણ એન્ટરપ્રાઈઝ દ્વારા વાહનની સેવા પૂરી પડાઈ હતી.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકાર્યો







શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભીલોડા તાલુકાના જાભચિતરિયામાં ૩ કિગ્રા ચોખાના ૧૨૨ પૅકેટ્સનું વિતરણ જરૂરિયાતમંદોને કરવામાં આવ્યું હતું. આ સાથે અણસોલમાં ૧૮ જરૂરિયાતમંદ વૃદ્ધાઓને ચોખા ઉપરાંત સાડી, ટૉવેલ, ચ્હા અને પારાની ગોળીઓ આપવામાં આવી હતી. પરત આવતાં હાઈવે પર કામ કરતા ૩૫ મજૂરોને છાશનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી આ સેવાકાર્યમાં જનાર્દનભાઈ અને મિલિન્દભાઈ જોડાયા હતા.

## ડાયરેક્ટ ❤ સે

'સૉરી' કહેવાનો અર્થ શું ?
એટલો જ કે -
તારું મહત્વ
મારા અહમ કરતાં
વધુ છે.

## જન્મદિને વધામણી



વૈભવી વિરેન્દ્ર પંડ્યા



સૃજન જય ઓઝા
મો. ૯૮૯૮૦ ૪૬૪૮૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

## આજે 'ત્રિદલ'ની માસિક બેઠક

ગાંધીનગર, તા. ૨૭

શિક્ષણ, સાહિત્ય અને સમાજનો સહજ સમન્વય ઝંખતી સંસ્થા ત્રિદલની એપ્રિલ માસની બેઠક તા. ૨૮મી એપ્રિલના રોજ ૭૯૦/૧, નમન એપાર્ટમેન્ટ, મહારાષ્ટ્ર ભવન સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે મળી રહી છે. બેઠકમાં લોકસાહિત્યના મર્મજ્ઞ વસંતભાઈ ગઢવી (નિવૃત્ત આઈએએસ) સાહિત્ય અને સમાજ વિષયે વાર્તાલાપ આપશે.

સૌ સભ્યો, સર્જકો અને ભાવકોને ઉપસ્થિત રહેવા સંસ્થા તરફથી નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ધોરણ-૧૦ અને ૧૨ પછી શું ? એ વિષયે

## આજે રાંધેજા ખાતે કારકિર્દી માર્ગદર્શન

ગાંધીનગર, તા. ૨૭

રોયલ ભુદેવ પરશુરામ સેના રાંધેજા તથા સમસ્ત બ્રહ્મવિકાસ પરિષદ યુવા પાંખ ગાંધીનગર ના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક કારકિર્દી માર્ગદર્શન સેમિનારનુ રાંધેજા ગામ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થી ભાઈ - બહેનો તથા તેમના માતા-પિતાને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ નિઃશુલ્ક સેમિનારમાં ધોરણ -૧૦ અને ૧૨ પછી શું કરવું તે અંગે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવશે. આ કાર્યક્રમ નો મુખ્ય હેતુ બાળકોને શિક્ષણના પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન આપવાનો છે.

તા. ૨૮ એપ્રિલ ને રવિવારના રોજ સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન બ્રહ્મસમાજની વાડી, માંડવી ચકલા, રાંધેજા, જિ. ગાંધીનગર ખાતે આ સેમિનાર યોજવામાં આવ્યો છે.

### સ્વ. કુસુમબેન કૌશિકભાઈ ભટ્ટનાં સંસ્મરણોને ઉજાગર કરવાના આશયથી તૈયાર કરાયેલા

## પુસ્તક 'કુસુમ'નો વિમોચન સમારોહ યોજાયો



સ્વ. કુસુમબેન કૌશિકભાઈ ભટ્ટનાં સંસ્મરણોને ઉજાગર કરવાના આશયથી 'કુસુમ' પુસ્તકનું સંકલન કોકિલાબેન જયપ્રકાશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું છે. આ પુસ્તકનો વિમોચન સમારોહ બંને કુટુંબના સહયોગથી સ્ટાફ ટ્રેનીંગ કૉલેજ, સૅક્ટર-૧૭ ખાતે યોજવામાં આવ્યો હતો. અનોખા એવા પુસ્તકનો આ વિમોચન કાર્યક્રમ સુગંધમય બની રહ્યો હતો.

## સંસ્કાર ગૃપ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓની વણઝાર

ગાંધીનગર, તા. ૨૭

બાળકોની પ્રવૃત્તિઓમાં રત સંસ્કાર ગૃપ દ્વારા રવિવાર, તા. ૨૮મી એપ્રિલના રોજ ગૃપના સભ્યો, વાલીઓ દ્વારા સમૂહ ભોજનનું આયોજન ઘ-૪ સર્કલ ખાતે સાંજે ૭.૩૦ કલાકે કરવામાં આવ્યું છે.

તા. ૨૯મી એપ્રિલ ને સોમવારે સવારે ૮.૩૦થી ૧૧.૩૦ સુધી ગૃપનાં બાળકો માટે સૅક્ટર-૬ બાલનગરી ગ્રાઉન્ડ ખાતે ક્રિકેટ મૅચનું આયોજન કરવામાં આવ્યું છે.

તા. પહેલી મે ને બુધવારે ગુજરાત રાજ્યના સ્થાપના દિવસની ઉજવણી સેક્ટર-૭ના ઉદ્યાન ખાતે કરવામાં આવશે. આ પ્રસંગે વૃક્ષોને સુશોભિત કરવાનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવ્યું છે. સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન યોજાઈ રહેલા આ ઉપક્રમમાં જોડાવા સંસ્થાનાં સભ્ય બાળકો ઉપરાંત અન્ય સૌ રસ ધરાવતાં બાળકો તથા નગરજનોને જોડાવા માટે સંસ્થાના પ્રમુખ તુષાર દવે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

## યુનિવર્સિટીઓનું કામ માત્ર વ્યવસાયિક કૌશલ્ય આપવાનું નથી










ગાંધીનગર, તા. ૨૭

રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલીએ જણાવ્યું છે કે, સમૃધ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે ઉચ્ચ શિક્ષણના માધ્યમ દ્વારા માનવ સંશાધનનો વિકાસ કરવો અત્યંત અનિવાર્ય છે. ઉચ્ચ શિક્ષણનું કામ જ માનવ સંશાધનના વિકાસનું છે ત્યારે વિશ્વ વિદ્યાલયો આ કામ સુપેરે નિભાવી વ્યવસાયિક કૌશલ્યની સાથે સાથે સામાજિક જવાબદારી નિભાવે તે જરૂરી છે.

આજે મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીના પાંચમા પદવીદાન સમારોહમાં વિદ્યાર્થીઓને પદવી એનાયત કરતાં રાજ્યપાલશ્રીએ કહ્યું કે, યુનિવર્સિટીની ગતિ, પ્રગતિના લેખાજોખાંનો હિસાબ જ ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓના ચહેરાથી જ દેખાય છે. યુનિવર્સિટીઓનું કામ માત્ર વ્યવસાયિક કૌશલ્ય આપવાનું નથી પરંતુ સાથે સાથે કરૂણા – સંવેદનાના ગુણો વિદ્યાર્થીઓમાં ખીલે જેના થકી યુનિવર્સિટી સામાજિક જવાબદારીઓ વધુ નિભાવે એ જરૂરી છે. આ માટે યુનિવર્સિટીના એક્સટેન્શન કાર્યક્રમો મહત્વની ભૂમિકા અદા કરી શકે છે.

રાજ્યપાલશ્રીએ યુવાનોએ આજના વિકસતા જતા ગ્લોબલાઈઝેશનના યુગમાં પડકારો અને તેના ઉકેલ માટેના નવા નવા સંશોધનો કરીને દેશને આગળ વધારવા માટે આહવાન કર્યું હતું. તેમણે કહ્યું કે, ગુજરાત સહકારીતા ક્ષેત્રે દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે ત્યારે એનિમલ, ડેરીવિકાસ, ફિશરીઝ, વેટરનરી ક્ષેત્રની સમસ્યાઓ અને તેના ઉકેલ માટે કામધેનું યુનિવર્સિટી મહત્વનું યોગદાન આપી રહી છે જે આપણાં માટે ગૌરવરૂપ છે.

પશુપાલન કમિશનર ડૉ. સુરેશ એસ. હોન્નપ્પાગોલે જણાવ્યું કે, આજે ૧૯મો વર્લ્ડ વેટરનરી ડે છે જેની શરૂઆત વર્ષ ૨૦૦૦માં વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ફોર એનિમલ હેલ્થ દ્વારા કરવામાં આવી હતી. પશુપાલન ક્ષેત્રનું મહત્વ વર્ણવતા તેમણે કહ્યું કે, રાષ્ટ્રના વિકાસમાં સામાજિક અને આર્થિક ક્ષેત્રે ઘણું યોગદાન છે. પશુપાલન ક્ષેત્રે આજે લોકોને રોજગાર પ્રાપ્ત થઈ રહ્યો છે. છેવાડાનો માનવી પણ આ ક્ષેત્રે મહેનત કરી સરળતાથી આર્થિક વિકાસ સાધી શકે છે.

પશુ ચિકિત્સા ક્ષેત્રની માહિતી આપતાં તેમણે કહ્યું કે, રાજ્યમાં દરેક ૧૦ ગામડાં દીઠ ૧ પશુ દવાખાનું કાર્યરત છે તથા ૪૬૦ મોબાઈલ પશુ ડિસ્પેન્સરીને મંજૂરી મળી ગઈ છે જેથી હવે ઘવાયેલા અને રોગગ્રસ્ત પશુઓને સરળતાથી ચિકિત્સા પ્રાપ્ત થશે.

એનિમલ હસબન્ડરી, કાઉ બ્રિડિંગ, ફિશરીઝ એન્ડ કો.ઓપરેશન વિભાગના સચિવ શ્રી મહમ્મદ શાહીદે પાંચમા પદવીદાન સમારોહમાં ડિગ્રી-ડિપ્લોમા મેળવનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપતાં કહ્યું કે, પશુપાલન, ડેરીવિકાસ અને ફિશરીઝ ઉદ્યોગના વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે તથા નવી ટેકનોલોજીના માધ્યમ દ્વારા નવા ઈનોવેશન થકી આ ક્ષેત્રે પણ વધુ વિકાસ થાય તથા રોજગારીની તકો વધુ ને વધુ ઉપલબ્ધ બને તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. તેમણે ઉમેર્યું કે, ડેરી ઉદ્યોગ, ફિશરીઝ ઉદ્યોગ દ્વારા પણ રોજગારીની તકો વધુ છે ત્યારે કામધેનુ યુનિવર્સિટી દ્વારા આ ક્ષેત્રે જે પ્રયાસો થઈ રહ્યા છે તે આવકાર્ય છે. આ ક્ષેત્રે ડિગ્રી-ડિપ્લોમા મેળવનાર વિદ્યાર્થીઓને પણ સરકારી સેવાનો લાભ મળે તે માટે રાજ્ય સરકાર દ્વારા સક્રિય પ્રયાસો હાથ ધરાયા છે. જી.પી.એસ.સી. દ્વારા પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે.

ટૂંક સમયમાં આ ક્ષેત્રે પણ યુવા વિદ્યાર્થીઓને સરકારમાં નોકરીની તકો પૂરી પડાશે. તેમણે ડિગ્રી મેળવનાર વિદ્યાર્થીઓને ઉચ્ચ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવી હતી.

## ગાંધીજીનો વિનોદ

॥ અગ્યારમો મણકો ॥

### ૨૧ - શાણપણ પાછળથી આવ્યું

દક્ષિણમાં હરિજનયાત્રા વેળા ગાંધીજીને એક બહેન ઘરેણાંની ભેટ આપવા માટે પોતાને ત્યાં બોલાવી ગયાં હતાં. ત્યાંથી પાછા વળતાં પાડોશની બીજી બહેને પણ પોતાની સોનાની બંગડીઓ ગાંધીજીના હાથમાં મૂકી. તે વેળા બહેનના પતિને ઉદ્દેશીને ગાંધીજી બોલ્યા :

તમને ખબર છે ને કે તમારી પત્નીએ એની બધી બંગડીઓ મને આપી છે ? તેણે તમારી સંમતિ લીધી છે ?

પતિ : હા, મારી સંમતિ લીધી છે. પણ એની મરજીની વાત છે, ઘરેણાં એનાં છે. એને ના પાડવાની મને સત્તા નથી.

ગાંધીજી : બધા પતિ આટલા શાણા નથી હોતા. તમને કેટલાં વરસ થયાં ?

પતિ : ત્રીસ.

ગાંધીજી : તમારી ઉંમરે મારામાં એટલું શાણપણ ન હતું. મને શાણપણ પાછળથી આવ્યું.

આ સાંભળતાં જ આખી મંડળી ખડખડાટ હસી પડી.

### ૨૨ - ઘડિયાળો ભલે જુદી પડે

ગાંધીજી સમયપાલનના ખૂબ આગ્રહી હતા. તેથી તેમનું જીવન ઘડિયાળના કાંટાની જેમ નિયમિત હતું. એક વાર એક કાર્યકર્તાને તેમણે ચાર વાગ્યે મળવાનો સમય આપ્યો હતો. તે કાર્યકર્તા ગાંધીજીના કેટલાક મૂળભૂત વિચારોથી વિરુદ્ધ અભિપ્રાય ધરાવતા હતા. તેથી ગાંધીજી સાથે તે લાંબી ચર્ચા કરવા ઈચ્છતા હતા.

તેમની ઘડિયાળમાં બરાબર ચાર વાગ્યા અને તેમણે ગાંધીજીની ઓરડીમાં પગ મૂક્યો. ગાંધીજીએ એક ભાઈ સાથેની મુલાકાત પૂરી કરી પેલા કાર્યકર્તા તરફ જોયું અને પછી પોતાની ઘડિયાળ તરફ નજર કરી તો હજી ચારમાં અર્ધી મિનિટ બાકી હતી.

'તમે અર્ધી મિનિટ વહેલા આવ્યા' ગાંધીજી હસીને બોલ્યા.

માફ કરજો. મારી ઘડિયાળમાં તો ચાર વાગી ગયા છે. કહી કાર્યકર્તાએ ગાંધીજીની ોરડીમાંથી બહાર જવા પગ ઉપાડ્યો.

ગાંધીજી : ના, ના. અંદર આવો. ઘડિયાળો ભલે જુદી પડે પણ આપણે ન પડીએ.

બંને વચ્ચેના મતભેદનો એ વિનોદી જવાબ સાંભળતાં પેલા મુલાકાતી હસવું ખાળી શક્યા નહીં.

### ૨૩ - મધ્યમસર

એક અમેરિકન પત્રકાર ગાંધીજીની મુલાકાતે આવ્યો હતો. તેણે ગાંધીજી સાથે કેટલીક ચર્ચા કરી પછી પૂછ્યું : હવે આપની તબિયત કેમ રહે છે ?

ગાંધીજી : આ પેન્સિલના જેવી જ - મધ્યમસર.

એમ કહીને તેમના હાથમાં પેન્સિલ હતી તે પર 'મિડલિંગ' શબ્દ બતાવ્યો.

### ૨૪ - લગ્નજયંતી

આગાખાન મહેલમાં ગાંધીજી કેદ હતા ત્યારે બા, પ્યારેલાલજી, ડૉ. ગિલ્ડર, સરોજિની નાયડુ, સુશીલા નય્યર તેમની સાથે રહેતાં હતાં. એક દિવસ ડૉ. ગિલ્ડરના નામે કેરીનું પાર્સલ ત્યાં આવ્યું. તેમના લગ્નની ૨૯મી વર્ષગાંઠ નિમિત્તે ભેટ હતી.

લગ્નની વાત નીકળી એટલે સહજભાવે બાએ ગાંધીજીને પૂછ્યું, આપણાં લગ્નને કેટલાં વર્ષ થયાં હશે ?

ગાંધીજી (હસીને) : બાને પણ પોતાનો લગ્નદિવસ ઊજવવો હોય એમ લાગે છે.

એ સાંભળી સૌ હસી પડ્યાં.

'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર